૨૪-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - સદા એ સ્મૃતિમાં રહો કે અમારો આ અંતિમ ૮૪ મો જન્મ છે, હવે પાછા ઘરે જવાનું છે, પછી પોતાનાં રાજ્ય માં આવવાનું છે"**

**પ્રશ્ન :-** બાપ પાક્કા સોદાગર છે, કેવી રીતે?

**ઉત્તર :-** જે હમણાં સાહૂકાર છે, જેમને પૈસાનો નશો છે, બાબા કહે છે, તમે અહીંની તમારી રાજાઈ સંભાળો. એમનું બાપ સ્વીકાર નથી કરતાં. ગરીબોને જ બાબા ઊંચા માં ઊંચા બનાવે છે. ગરીબોની પાઈ-પાઈ સફળ કરી તેમને સાહૂકાર બનાવી દે છે એટલે બાપ ને પાક્કા સોદાગર કહેવાય છે.

**પ્રશ્નઃ-** બાળકોમાં કઈ સુસ્તી બિલકુલ ન હોવી જોઈએ?

**ઉત્તરઃ-** ઘણાં બાળકો મોરલી સાંભળવા કે વાંચવામાં સુસ્તી કરે છે. મોરલી મિસ કરી (છોડી) દે છે. બાબા કહે છે બાળકો એમાં સુસ્ત નહીં બનો. તમારે એક પણ મોરલી મિસ નથી કરવાની.

**ઓમ્ શાંતિ!** બાળકોને બેહદનાં બાપ પૂછે છે અને જે પણ ગુરુ ગોસાઈ વગેરે છે તે પોતાનાં ફોલોઅર્સ (અનુયાયીઓ) ને બાળકો નહીં કહેશે. આજકાલ તો સારા-સારા જુવાન વિદ્વાન પણ ભાષણ કરે છે તથા વૃદ્ધ માતાઓ અથવા પુરુષ છે, એમનામાં હિંમત જ નહીં આવે જે કહે કે હે બાળકો. આ શબ્દ એ કહી શકે છે જે ગૃહસ્થ વ્યવહાર માં હોય. બાળકો શબ્દ ફેમિલી (કુંટુંબ) નો છે. બાપ કહી શકે છે. તે સન્યાસી વગેરે તો ફેમિલી નાં નથી. તેઓ છે નિવૃત્તિ માર્ગ વાળા. તો ગૃહસ્થ વ્યવહાર નાં ખ્યાલાત બુદ્ધિમાં નથી આવતાં. આ તો માતા-પિતા છે તો જરુર બાળકો-બાળકો કહેશે. તમે પણ સમજો છો બેહદનાં બાપ આપણને બાળકોને સમજાવે છે. પૂછે છે બાળકો તમારું ઘર કયું છે? (પરમધામ). પરમધામ થી કોઈ સમજશે નહીં. કહેવું જોઈએ શાંતિધામ, નિર્વાણ ધામ. તમારે યાદ કરવાનું છે પોતાનાં ઘર ને. જાણો છો બાબા આવેલાં છે, આપણને શૃંગાર કરી ઘરે લઈ જશે. પછી આપણે સુખધામ માં આવીશું. હમણાં તો આ છે દુઃખધામ. આનો તમારે સંન્યાસ કરવાનો છે. આ બેહદનો સંન્યાસ સિવાય પરમપિતા પરમાત્મા નાં બીજું કોઈ શિખવાડી ન શકે. તેઓ તો હદનો અર્થાત્ ઘરબાર નો સંન્યાસ કરે છે. આ તો માતા-પિતા છે ને. માતા-પિતા ઘરબાર કેવી રીતે છોડાવશે? એમનો તો ધર્મ જ છે નિવૃત્તિ માર્ગ નો. જેવી રીતે બીજા-બીજા ધર્મ છે. આર્ય સમાજી, રાધા સ્વામી.... હવે રાધા નાં સ્વામી કોણ છે? આ કોઈ પણ નથી જાણતું. હકીકત માં રાધા-કૃષ્ણ તો પ્રિન્સ પ્રિન્સેઝ (રાજકુમાર-રાજકુમારી) છે. પરસ્પર બંને સખા-સખી થયાં. એને રાધા નાં સ્વામી નહીં કહેવાય. જ્યારે રાધા નાં સ્વામી બને છે પછી નામ બદલાઈને લક્ષ્મી-નારાયણ નામ પડશે. શ્રી નારાયણ સ્વામી છે. હા જ્યાં સુધી લગ્ન નથી કર્યાં ત્યાં સુધી સ્વામી નહીં કહેવાય. આ સમજવાની વાતો છે.

બાપે બાળકોને પૂછ્યું પોતાનું શાંતિધામ, સુખધામ યાદ છે? આ રાવણપુરી દુઃખધામ છે. પુરી રહેવાની હોય છે. રાવણપુરી માં રામ-સીતા નથી. આમ તો તમે બધાં સીતાઓ છો અને બાપ કહે છે - હું છું રામ. મારે તમને સીતાઓ ને રાવણની જેલ માંથી છોડાવવાની છે. જે આખી દુનિયા સમુદ્ર ની વચ્ચે છે, એનાં પર રાવણનું રાજ્ય છે. રામરાજ્ય તો સતયુગ માં હતું, જેમાં લક્ષ્મી-નારાયણ રાજ્ય કરતા હતાં. હતું ભારત પર રાજ્ય. પરંતુ એ સમયે બીજા કોઈ ખંડ ન હોવાને કારણે કહેવાય છે, એ પણ વિશ્વ નાં માલિક હતાં. છે ભારત નાં માલિક બીજા કોઈ ખંડોનું નામ નિશાન નથી રહેતું. તો આખી દુનિયાનાં માલિક થયાં ને, અને ત્યાં તમારું મીઠાં પાણી પર

રાજ્ય ચાલે છે. તો આ આપ બાળકોની બુદ્ધિમાં રહેવું જોઇએ કે હવે નાટક પૂરું થયું છે, હવે પાછા ઘરે જવાનું છે. અમે ૮૪ નું ચક્ર લગાવ્યું છે. મનુષ્યની બુદ્ધિમાં કાંઈ નથી આવતું. એમ જ સાંભળેલી-સંભળાવેલી વાતો કહી દે છે. તમે જાણો છો- આપણે ૮૪ નું ચક્ર લગાવીને આવ્યાં છીએ. હવે આપણે પાછા જવાનું છે. પછી નવેસર થી ચક્ર શરુ થશે. જૂની દુનિયા કળિયુગ થી નવેસર થી શરું નથી થઈ શકતી. પરંતુ નવું ચક્ર સતયુગ થી શરું થશે. આ બધી વાતો તમને બાળકોને સમજાવાય છે, પરંતુ કેટલી વાતો બાળકો ભૂલી જાય છે. ધારણા ન હોવાને કારણે પછી તે ખુશીનો પારો નથી ચઢી શકતો. આપણો આ ૮૪ મો અંતિમ જન્મ છે. પછી આપણે પોતાનાં ઘરે જઈશું. જ્યાં સુધી પવિત્ર નથી બન્યાં ત્યાં સુધી કોઈ પાછા નથી જઈ શકતાં. જન્મ લેવાનો જ છે. જે તમે પહેલાં-પહેલાં હતાં હમણાં તે અંત માં છો. બધાં ધર્મ વાળા હમણાં અંત માં ભિન્ન નામ, રુપ, દેશ, કાળ માં છે. ગુરુનાનક જેમણે સિક્ખ ધર્મ સ્થાપન કર્યો, એમનો આત્મા ક્યાં છે? અહીં જ ભિન્ન નામ-રુપ માં છે. બધાએ પૂરો પાર્ટ ભજવવાનો જ છે. હમણાં તમે પુરુષાર્થ કરી રહ્યાં છો - નવી દુનિયામાં જવા માટે. અંતમાં બધાએ હિસાબ-કિતાબ ચૂક્તું કરી પછી જવાનું છે. ગુરુનાનક નો આત્મા પછી પોતાનાં સમય પર આવશે. સતયુગ, ત્રેતા, દ્વાપર માં એ આવી ન શકે. એ આવે જ છે કળિયુગ માં. પોતાનાં સમય પર આવીને ધર્મ સ્થાપન કરશે. નંબરવાર અવતાર આવે છે, જે આવીને પોતાનો ધર્મ સ્થાપન કરે છે. પ્રથમ નંબર અવતાર છે ભગવાન નો. હવે નિરાકાર કેવી રીતે અવતાર લે? બતાવે છે કે મેં આ શરીર નો આધાર લીધો છે. આ પોતાનાં જન્મો ને નથી જાણતાં. શરીર તો આમનું છે ને. ગવાય પણ છે-આવ્યાં દેશ પરાયા. બીજા બધાં પોતાનાં દેશ, પોતાનાં શરીર માં આવે છે. હા ધર્મ સ્થાપક બીજાનાં શરીર માં આવી શકે છે, પછી એમનું નામ થાય છે. પવિત્ર આત્મા આવીને પ્રવેશ કરશે. જે પહેલો આત્મા છે તે ધર્મ સ્થાપન નહીં કરે, જે આત્મા પ્રવેશ કરશે એ જ સ્થાપના કરશે. સિતમ (અત્યાચાર) વગેરે પહેલો આત્મા સહન કરે છે. જેવી રીતે ક્રાઈસ્ટ નો આત્મા આવ્યો એ તો સતોપ્રધાન હતો, એને કાંઈ સહન નથી કરવાનું. એને તો પહેલાં સતો માં જ આવવાનું છે. તો જે પહેલો આત્મા છે, તે સહન કરે છે. દુઃખ તો આત્માને જ થાય છે ને, જ્યારે શરીર ની સાથે છે. ધર્મરાજ પણ શરીર ધારણ કરાવી સજા આપશે. આત્માઓને અનુભવ થાય છે કે અમે સજા ખાઈ રહ્યાં છીએ તેથી કહેવાય છે કે પાપ આત્મા, પુણ્ય આત્મા. પાપ શરીર, પુણ્ય શરીર નથી કહેવાતું. સંન્યાસી તો કહી દે છે આત્મા નિર્લેપ છે, શરીર પર પાપ લાગે છે. અનેક પ્રકારનાં ગુરુ લોકો છે. બાબાએ ઘણાં ગુરુઓનો અનુભવ કર્યો છે. બાબા દરેક ને પૂછતાં રહેતા હતાં - કેમ સંન્યાસ કર્યો? ઘરબાર કેવી રીતે છોડ્યું? બતાવતા નહોતાં. તો હું કહેતો હતો કે હું કેવી રીતે સમજું કે હું પણ કરી શકીશ કે નહીં? એવી-એવી વાતો બહુજ શુરુડનેસ (સમજદારી) થી કરતા હતાં. હવે સમજે છે કે આ આખું જે મનુષ્ય સૃષ્ટિ રુપી ઝાડ છે એની જડજડીભૂત અવસ્થા છે. હવે ફરીથી નવું શરુ થવાનું છે. પ્રલય તો થતો નથી. શાસ્ત્રો માં મહાપ્રલય દેખાડ્યો છે. તે તો થતો નથી. કહે છે શ્રીકૃષ્ણ સાગર માં પીપળા નાં પાન પર આવ્યાં. આ બધાં છે ગપ્પા.

બાપ કહે છે-હું તો આવું છું આદિ સનાતન દેવી-દેવતા ધર્મની સ્થાપના કરવાં. હંમેશા પહેલાં સ્થાપના પછી વિનાશ, પાલના... એવી રીતે કહેવું જોઈએ. એવું નહીં કે પહેલાં સ્થાપના, પાલના, પછી વિનાશ કહો. તો કોઈ સેંસિબ્લ (સમજદાર) સાંભળશે તો કહેશે કે આ તો પોપટ ની જેમ વાંચેલું છે. સ્થાપના, પાલના પછી વિનાશ કેવી રીતે થશે! તેથી કાયદામુજબ સાચ્ચા શબ્દ બોલવાનાં છે. સ્થાપના, વિનાશ, પાલના. હમણાં ઊંચા માં ઊંચા બાપની તમને શ્રીમત મળે છે. આપે છે બ્રહ્મા નાં તન દ્વારા, આ બાબાનું શરીર મુકરર (નિશ્ચિત) છે.

સેન્સીબલ બાળકો જે હશે એમને કોઈ સલાહ પૂછવી હશે તો શ્રીમત લેશે. શ્રીમત પર ચાલવાથી ક્યારેય દગો નહીં ખાશો. શિવબાબા ની જ શ્રીમત છે. બાબા દૂર થોડા છે. બાપ જુએ છે કે બાળકો ખોટાં ચાલે છે કે સાચ્ચા ચાલે છે. દરેકને સર્જન થી સલાહ મળી શકે છે. આ છે સૌથી મોટાં સર્જન. કોઈ પણ વાત માં તકલીફ હોય તો બાબા બેઠાં છે. શ્રીમત પર ચાલતાં રહો. સમજો કોઇ ગરીબ બાળક છે, ધારણા સારી છે, સેવાધારી છે, પરંતુ ગરીબ છે તેથી આવીને મળી નથી શકતાં. એવા ને ટિકિટ પણ મળી શકે છે. બાપ તો ગરીબ નિવાઝ છે ને. એમ તો બાપને બાળકો જોઈએ જે ગરીબ માં ગરીબ હોય અને ભણીને ઊંચે થી ઊંચા ચઢી જાય. આજકાલ બધાં ગરીબ છે. ૧૦-૨૦ લાખ તો કાંઈ પણ નથી. ૧૦-૨૦ કરોડ હોય તો સાહૂકાર કહેવાય. બાબાએ સમજાવ્યું છે - પદમપતી આ વારસો લઇ નહીં શકે. તેઓ અર્પણ થઈ ન શકે. ન બાબા અલાઉ (પરવાનગી) કરશે. ગરીબોની પાઈ-પાઈ સફળ થાય છે. એવું શું પડ્યું છે, આ પણ પાક્કા સોદાગર છે એટલે સાહૂકાર આવતા જ નથી. બાપ કહે છે તમે પોતાની રાજાઈ સંભાળતાં રહો.

હમણાં આપ બાળકો જાણો છો-બાબા આવીને બધાં વેદો, શાસ્ત્રો નો સાર સમજાવે છે. આ પણ બાબાએ સમજાવ્યું છે - વિષ્ણુને બ્રહ્મા બનવામાં ૫ હજાર વર્ષ લાગે છે અને બ્રહ્મા થી વિષ્ણુ ને બનવામાં એક સેકન્ડ... બીજું કોઈ આ વાતો સમજી ન શકે. બાબા કેટલો સારો હિસાબ સમજાવે છે. વિષ્ણુની નાભી કમળ થી ૮૪ જન્મો પછી હમણાં બ્રહ્મા નીકળ્યાં છે. હમણાં બ્રહ્મા સરસ્વતી તે પછી લક્ષ્મી-નારાયણ બની જાય છે. સૂર્યવંશી બનશે પછી ચંદ્રવંશી બનશે. આ આખું ચક્ર બુધ્ધિ માં છે. બ્રહ્મા સો વિષ્ણુ, વિષ્ણુ સો બ્રહ્મા આ ટોપિક (વિષય) ખૂબજ સારો છે. આખાં ચક્રનું રહસ્ય આમાં આવી જાય છે. આ બધી વાતો સેન્સીબલ બાળકો સારી રીતે ધારણ કરી શકશે અને પોઈન્ટ લખતા કરેક્ટ કરતા (સુધારતા) રહેશે. ભાષણ જ્યારે કરે છે, કોઈને યાદ નથી રહેતું તો કાગળ સામે રાખે છે. આપ બાળકોએ ઓરલી (મોઢે) સમજાવવાનું છે. બેરિસ્ટર લોકો ખુબ અભ્યાસ કરે છે. પછી બીજો વકીલ આર્ગ્યુ (દલીલ) કરશે તો પુસ્તક ખોલીને જોશે. પછી બોલશે જજ સાહેબ જુઓ ફલાણી લૉ બુક માં આવું છે. તે પછી કહેશે ફલાણી બુક માં આવું છે. એમની પાસે બહુજ પોઈન્ટસ રહે છે. એન્જિનિયર ની પણ બુદ્ધિ ચાલતી રહે છે. કે આપણે આવાં-આવાં પ્લાન્સ બનાવવાનાં છે. તમારે પણ વિચાર ચલાવવાનો છે. ટોપિક ની યાદી બનાવવી જોઈએ. આનાં પર આ-આ પોઈન્ટસ સમજાવીશું. પછી બધું જ્ઞાન બુદ્ધિમાં આવી જશે, પછી એક્યુરેટ (બરાબર) ભાષણ કરશો. અચાનક ભાષણ કરશો તો ગડબડ થશે. આ પણ નંબરવાર પ્રેક્ટિસ (અભ્યાસ) છે. ત્યારે તો જે તીખા (હોશિયાર) છે એમને બોલાવે છે, આવીને ભાષણ કરો. સમજે છે આ મોટાં બહેન છે. ભાઈઓમાં જગદીશ હોશિયાર છે. તો કહેશે આ મોટો ભાઈ છે તો પછી રિગાર્ડ (માન) પૂરો રાખવો જોઈએ. પછી મોટાનું કામ છે નાનાં ને શિખવાડવું. સ્કૂલમાં મેનર્સ (શિષ્ટાચાર) પણ શિખવાડે છે. આમાં પણ મેનર્સ સારા જોઈએ. દૈવીગુણ ધારણ કરવાનાં છે. મૂડી નથી બનવાનું. ક્યારેક મીઠાં, ક્યારેક કેવાં તે પછી સર્વિસ (સેવા) નથી કરી શકતાં. બહુજ મીઠાં બનવું જોઈએ. ખૂબજ પ્રેમ થી કોઈને સમજાવવાનું છે ત્યારે સારું પદ મળી શકે છે. બધાંને રાજી કરવાનાં છે. આ તો જાણો છો બાબા આવીને સર્વ મનુષ્ય માત્ર ને ખુશ કરે છે. સર્વનાં સદ્ગતિ દાતા, સર્વ ને સુખ-શાંતિ આપવા વાળા છે. પ્રેમ નાં સાગર, સુખ નાં સાગર છે. તમારા બાપ છે તો બાપ જેવાં મીઠા બનવું પડે. તમે કલ્પ-કલ્પ બાપ નો શો (બાપ ની પ્રત્યક્ષતા) કરો છો. શિવ શક્તિ પાંડવ સેના તમે સ્વર્ગની સ્થાપના કરો છો, સમય લાગે છે. જ્યાં સુધી આસુરી ગુણ બદલાઈ દૈવી ગુણ બની જાય. આત્મા પર જે કાટ ચઢેલો છે તે કેવી રીતે નીકળશે? યોગબળ થી. જેટલાં બાબાની યાદમાં

રહેશો એટલો કાટ ઉતરશે. બાળકોએ મોરલી એક પણ મિસ ન કરવી જોઈએ. ઘણાં બાળકો સુસ્ત છે જે ક્યારેક મોરલી પણ નથી વાંચતાં. મોરલી માં બહુજ સારા-સારા પોઈન્ટસ નીકળે છે. તો ક્યારેય પણ મોરલી મિસ ન થવી જોઈએ. પરંતુ બાબા જાણે છે કે સારા-સારા બી.કે. પણ મોરલી ની પરવાહ નથી કરતાં. સમજે છે કે અમે હોશિયાર છીએ. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) બધાંને રાજી કરવાનાં છે. મૂડી દિમાગ (મગજ) વાળા નથી બનવાનું. બહુજ-બહુજ મીઠાં બનવાનું છે. સારા મેનર્સ શિખવાના અને શિખવાડવાના છે.

૨) દરેક કદમ પર સુપ્રીમ સર્જન ની સલાહ લેવાની છે. શ્રીમત પર ચાલતા રહેવાનું છે. સેન્સીબલ બની દરેક પોઈન્ટ સ્વયમાં ધારણ કરવાનો છે.

**વરદાન :- ત્રિકાળદર્શી સ્થિતિમાં રહી ડ્રામા નાં દરેક સમય નાં પાર્ટ ને જોવા વાળા માસ્ટર નોલેજફુલ ભવ**

ત્રિકાળદર્શી સ્થિતિ માં સ્થિત રહીને જુઓ કે અમે શું હતાં, શું છીએ અને શું હોઈશું... આ ડ્રામા માં અમારો વિશેષ પાર્ટ નોંધાયેલો છે. એટલો સ્પષ્ટ અનુભવ થાય કે કાલે અમે દેવતા હતાં અને પછી કાલે બનવાનાં છીએ. અમને ત્રણેય કાળો નું જ્ઞાન મળી ગયું. જેવી રીતે કોઈ પણ દેશ માં જ્યારે ટોપ પોઈન્ટ (ઊંચા સ્થાન) પર ઉભાં રહીને આખાં શહેર ને જુએ છે તો મજા આવે છે એવી રીતે સંગમયુગ ટોપ પોઈન્ટ છે, એનાં પર ઉભાં રહીને નોલેજફુલ બની દરેક પાર્ટ ને જુઓ તો ખૂબજ મજા આવશે.

**સ્લોગન :-** જે સદા યોગયુક્ત છે એમને સર્વ નો સહયોગ સ્વતઃ પ્રાપ્ત થાય છે.